
E-magazine
ओं
THERE IS NO RELIGION HIGHER THAN TRUTH
હરજીવન પ્રકાશ
March - 2024
ધીથિયોસોફિકલ સોસાયટી
શ્રી હરજીવન આશ્રમ, કડોલી
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (ગુજરાત)

# સંપાદક મંડળ


## ❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

- Email: harjivanashram@gmail.com

## ❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કૈલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી


## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યાક્ષીય | કાંતિભાઈ કે. પટેલ | 05 |
| 3. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 06 |


- **પ્રૂફ વાંચન સહયોગ : શ્રી શંકરભાઇ એચ. પટેલ,**
  ઉપપ્રમુખ શ્રી અને ભૂતપૂર્વઆચાર્ય, કડોલી હાઇસ્કૂલ

## સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઈ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી દ્વારા પ્રકાશિત ઈ પત્રિકા ' હરજીવન પ્રકાશનો માર્ચ – 2024નો અંક આપની સમક્ષ રજૂ કરતાં અમને અતિ પ્રસન્નતા અનુભવ થઈ રહી છે.

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટીની નિયમિત પ્રવૃત્તિઓની સાથે વિશેષ પ્રકલ્પ તરીકે સંસ્થાના પાયાના સભ્ય -કાર્યકર શ્રી ચુનીભાઈ ભોળીભાઈ પટેલની પુનિત સ્મૃતિમાં વિશેષ વ્યાખ્યાનમાળા યોજવાનો અને ગુજરાત ફેડરેશનના અગ્રગણ્ય કાર્યકરશ્રીઓ-વકતાઓને પ્રતિમાસ આમંત્રિત કરી એક વર્ષ માટે નિયમિત કાર્યક્રમ યોજવાનો અમો સંનિષ્ઠ પ્રયાસ કરી રહ્યા છીએ. આશા છે, આગામી એપ્રિલ- 2024થી આ કાર્યક્રમને આરંભ કરવામાં આવી શકે છે.

હરજીવન આશ્રમ દ્વારા આગામી એપ્રિલ માસ દરમ્યાન ગ્રામીણ બેંક ઓફ બરોડા, હિંમતનગરની સહાયતાથી મહિલાઓ માટે ગૃહઉદ્યોગની તાલિમ આપવા હેતુ પ્રકલ્પ તૈયાર કરવાની વિશેષ કાર્યવાહીઓ હાથ ધરવામાં આવી રહી છે.

થિયોસોફીને તત્ત્વગ્રાહી સ્વરૂપે ગ્રહણ કરી વ્યાવહારિક જીવનમાં ઉદારતાપૂર્વક પ્રચલન કરવા સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત છે. આજે જ્યારે સંદેશવ્યવહારના અદ્યતન સંસાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થઈ ચૂક્યા છે, ત્યારે થિયોસોફિકલ સંસ્થાઓ પણ સંદેશાવ્યવહાર અને સંપ્રેષણ તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. કોમ્પ્યુટર દ્વારા ઈ-પત્રિકાઓ, ઝુમ મિટીંગ્સ, વેબ સાઈટ, પાવર પ્વાઈંટ પ્રેજન્ટેશનની મહત્તા પણ વધી રહી છે. સૂચના અને પ્રૌદ્યોગિક ક્ષેત્રની આ મહાન ક્રાન્તિએ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઈ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઈપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે. તેમના શબ્દોમાં, ' થોથા દેયી ઉડાય ! '.

થિયોસોફીના અભ્યાસુએ સારસવૃત્તિને પોષવાની છે. નકામી વસ્તુઓનો સંગ્રહ દુર્ગંધ

ફેલાવી શકે છે. **ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિધ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહ્યો છે, અને તેને "હરજીવન પ્રકાશ" દ્વારા જન..જન સુધી પહોંચાડવાની આપણી મંશા છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

આજે " હરજીવન પ્રકાશ" નો ઓગસ્ટ – 2023 અંક લોકાર્પિત થઇ રહ્યો છે ત્યારે તેની સાથે જોડાયેલા તમામ સાધુવાદને પાત્ર છે.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથા સાહિત્યમાં, કવિતા સાહિત્યમાં કે આધ્યાત્મિક ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોની દિવ્ય ગતિથી આજ સુધીની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધવાની છે અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

આશા છે કે, આ અંકમાં આવરી લેવાયેલ સાહિત્યમાં આપ સૌને થિયોસોફીનો નાદ અચૂક સંભળાશે.

વંદન .... આભાર !

દીપક પંડ્યા

"Just as the sun in the heaven is unchanged, but is mirrored as a thousand suns in ponds, lakes, rivers, and oceans, so do you know the Sun of the Spirit within you from the broken reflections that you find in the lower self."
– **Annie Besant, Initiation: The Perfecting of Man**

"When you call yourself an Indian or a Muslim or a Christian or a European, or anything else, you are being violent. Do you see why it is violent? Because you are separating yourself from the rest of mankind. When you separate yourself by belief, by nationality, by tradition, it breeds violence. So a man who is seeking to understand violence does not belong to any country, to any religion, to any political party or partial system; he is concerned with the total understanding of mankind."

- **Jiddu Krishnamurti**



# અધ્યક્ષીય,

પ્રિય આત્મીયજનો,

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

થિયોસોફિકલ ઓડર ઑફ સર્વિસ માટે અલગ પ્રભાગની વ્યવસ્થા આવકાર્ય માની રહ્યો છું અને તે સાથે જ વ્યાવહારિક જીવનમાં થિયોસોફીના પ્રચલનની ઉમદા તકો પણ સોંપડી શકશે. હરજીવન આશ્રમ હવેથી જનસેવાનું સશક્ત મધ્યમ બનશે. કડોલીની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાની દિશામાં ગુજરાત ફેડરેશનમાં આ એક અનુપમ પ્રયાસ બની રહેશે.

'હરજીવન પ્રકાશ' પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઇ ચૂક્યો છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઇ, વારણસી, ચૈનઇ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રેરક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તે આપણું માર્ગદર્શન કરી રહ્યું છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઇ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઇ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે. આ બધી જ રચનાઓમાં સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઈ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી અંતર્ગત અમાવેશ કરી શકાય છે. સર્જક્ના મૌલિક વિચારો તેની વ્યક્તિગત સોચ છે. તેમાં થિયોસોફીનો તત્ત્વબોધ સંભવ છે.

થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે.

તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે.

સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતનની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હૃદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રદ્ધા ધરાવું છું.

કડોલી એક નાનકડું ગામડું છે પણ દૈવતવાળું છે. આપ સૌના કડોલીનાં સંસ્મરણો હૃદયસ્થ બની રહ્યાં હશે. અમારા સન્નિષ્ઠ પ્રયાસો અને આપ સર્વે પ્રત્યેના અનન્ય અનુરાગ દિનપ્રતિદિન પ્રગાઢ બનતો રહી સૌની સંગતે વૈવિધ્યપૂર્ણ થિયોસોફી કર્મ કરાવશે એવી કામના કરી રહ્યો છું.

સાધુવાદ !

આપનો,

**કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

ચિન્તન ની ક્ષણે"કર્મનો સિદ્ધાંત " સમજતાં પહેલાં શ્રી હીરાભાઈ ઠક્કર એ ઉપરાક્ત વિષય ઉપર લગભગ ૩૫ પ્રવચનો આપેલ છે. તેનો સાર તદદનસરળ ભાષામાં પ્રસ્તુત કરેલ છે. જે દરેક ભાઈ બહેનોએ વાંચી સમજી પોતાના જીવન માં ઉતારવા જેવુ મને લાગતાં પ્રસ્તૃત કરી રહ્યો છું (૧) ગહના કર્મણો ગતિ: કર્મ નીગતિ અટપટિ છે.કારણ કે જીવન અટપટું છે એક માણસ દુઃખી કેમ ?અને બીજો સુખી કેમ ?વધારે આશ્ચર્ય તો એ દેખાય છે કે હરામખોરો /લુચ્ચાઓ લાંચલેનારાઓ સુખી દેખાય છે તેમની પાસે બંગલા / મોટરો /પંખા /રેડિયો / અને લાખો રૂપિયા છે .અને જ્યારે ન્યાય નીતિ અને ધર્મથી પવિત્ર જીવન જીવનારા લોકો દુઃખી દેખાય છે . તેનું શું કારણ ? આવું જ જ્યારે જગતમાં પ્રત્યક્ષ દેખાય છેત્યારે આપણી ઈશ્વરમાંથી શ્રદ્ધા ડગી જાય છે સૃષ્ટિના સંચાલનમાં કાયદો કે કાનૂન હશે કે નહીં કે બધું અંધેર ચાલે છે આવો પ્રશ્ન થાય છે આવું જોઈને આપણને કેટલીક વખતે એમ લાગે છે કે ખુદા કે ઘર અંધેર હૈ પરંતુ ખરેખર હકીકત એ છે કે ખુદાકે

ઘર દેર ભી નહીં હૈ ઔર અંધેર ભી નહિ હૈ આ વાત ને યથાર્થ રીતે સમજવા માટે કર્મ નાકાયદા નો અભ્યાસ કરવાની જરૂર છે . ( વધુ આવતા અંકે)

- **શંકરભાઈ પટેલ.**

# ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય

- **ડૉ અંબાદાન રોહડિયા, રાજકોટ**

|| ૧ ||

ચારણી સાહિત્ય :

મુદ્રા અને મહત્તા

ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિનો ઊંડાણથી અભ્યાસ કરીએ તો તેમાં વિવિધતામાં એકતાનો અહેસાસ થાય છે. સાંસ્કૃતિક ધરોહર એને એકસૂત્રતામાં બાંધે છે અને સમગ્ર ભારતવર્ષનું યથાર્થ પ્રતિબિંબ આ ભારતીય સાહિત્યમાંથી પ્રગટે છે. ભારતીય સાહિત્યમાં વૈદિક સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય અને લોકસાહિત્ય એ ચાર મુખ્ય ધારાઓ દષ્ટિગોચર થાય છે. આમાંથી વૈદિક સાહિત્ય અને લોકસાહિત્યનો સુભગ સમન્વય ચારણી સાહિત્યમાં થયો છે. ખરા અર્થમાં આ ઉભય ધારાઓ વચ્ચે રહેલી ભેદની ભીંત્યોને ભાંગીને તેને જોડનાર સેતુબંધનું કાર્ય કર્યું છે ચારણી સાહિત્યએ. આ ચારણી સાહિત્ય મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાં વિકસ્યું-વિસ્તર્યું હતું. અલબત્ત, ઉભય રાજ્યોની આસપાસના પ્રદેશોમાં પણ તેનો પ્રવેશ-પ્રસાર અવશ્ય થયો હતો. વળી, ચારણી સાહિત્ય મુખ્યત્વે મધ્યકાળે ફૂલ્યું-ફાલ્યું હતું, એ સમયે જાણે એનો સુવર્ણકાળ હતો. આથી આજની નહીં પણ મધ્યકાળની રાજકીય સરહદો-સીમાઓને આપણે ધ્યાનમાં રાખીને વાત કરવી જોઇએ. આથી એમ કહી શકાય કે મધ્યકાળે પશ્ચિમ ભારતીય સાહિત્યમાં એક મહત્ત્વની અને સ્વાયત્ત ધારા તરીકે ચારણી સાહિત્ય ઊપસી આવ્યું હતું. તેની કેટ્લીક આગવી મુદ્રા અને મહત્તા વિશે અહીં વાત કરવાનો ઉપક્રમ છે.

ગુજરાત અને રાજસ્થાનમાં આ ધારા માટે ચારણી સાહિત્ય, ચારણ સાહિત્ય અને ડિંગળ સાહિત્ય સંજ્ઞા પ્રયોજાય છે, પરન્તુ આ સાહિત્ય ખરા અર્થમાં કોઇ જ્ઞાતિવિશેષનું નહીં પણ શૈલીવિશેષનું સાહિત્ય છે. એમાં ચારણો ઉપરાંત ચારણી શૈલી અપનાવનારા ચારણેતર વિદ્વાનોનું પણ યોગદાન છે. અલબત્ત, આ ધારામાં ચારણકવિઓની સંખ્યા વિપુલ માત્રામાં છે, એટલું જ નહીં એમાં ચારણ પરંપરાનું ઉજ્જવળ અનુસંધાન થયું છે, આથી એને 'ચારણી સાહિત્ય' સંજ્ઞા મળી છે. આથી આ ધારાના સાહિત્યને સમજવા માટે પ્રારંભે ચારણો અને ચારણત્વનો પરિચય મેળવવો અત્યંત જરૂરી છે.

**ભારતીય ઋષિપરંપરાનું અનુસંધાન :**

સત્ય, શક્તિ અને સરસ્વતીની એકનિષ્ઠ ઉપાસના કરનાર ચારણો ભારતીય ઋષિપરંપરાનું ઊજળું અનુસંધાન છે. પ્રારંભે હિમાલય, કૈલાસ અને ગંધમાદન પર્યંત પર વસનારા ચારણો અરણ્યવાસી છે. વિવિધ પુરાણો, રામાયણ, મહાભારત અને જૈનગ્રંથોમાં ચારણોનાં ઉલ્લેખો મળે છે. કુરુક્ષેત્રનું યુદ્ધ આરંભાયું એ પૂર્વે શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે, 'તું વિજય માટે શક્તિ ઉપાસના કર. ચારણો પણ એ દેવીની ઉપાસના કરે છે.' ચારણોની 'શક્તિ ઉપાસના'ની પરંપરાનો અહીં સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. તો દશરથનંદન ભગવાન રામના રાજ્યાભિષેક સમયે ચારે વેદ ચારણોનું રૂપ ધરીને આવ્યા અને રઘુકુળભૂષણ રામચંદ્રજીના ગુણાનુવાદ કર્યાં તેવો ઉલ્લેખ મળે છે. 'શ્રીમદ્‌ભાગવત'માં ચારણોને દેવસર્ગમાં સમાવિષ્ટ કર્યાં છે. ચારણની વિશિષ્ટ અને વિલક્ષણ ઓળખ આપતા કોઈ વિદ્વાને કહ્યું છે કે, 'ચાન્તિ વીર્તિમ્ કૃતિ વારળ ।' જે સ્વયં ધર્મના પથ પર આરૂઢ થઈને અન્યોને પણ ધર્મોત્થાન માટે પ્રવૃત્ત કરે તે સિદ્ધ ચારણ. 'ચારણ'માં કાવ્યપ્રતિભા અને સિદ્ધિ સમ્પન્નતાનો ભાવ નિહિત હોવાનું વિદ્વાનો માને છે. 'પદ્મપુરાણ'માં ઉલ્લેખ મળે છે કે પૃથુ રાજાએ કરેલા મહાયજ્ઞમાં દેવો સાથે ચારણો ભૂલોકમાં આવ્યા અને તેમને તેલંગ પ્રદેશ દાનમાં આપ્યો. 'પ્રબંધ ચિંતામણિ'માં ઉલ્લેખ છે કે શ્વેતામ્બર સંપ્રદાયમાં દીક્ષિત આચાર્ય વજ્રસેનનો જન્મ ચારણકુળમાં થયો હતો. જૈનધર્મમાં 'ચારણો' માટે 'વિદ્યાચારણ' અને જંઘાચારણ' નામની ઉપલબ્ધિઓ અને તેની આગવી લાક્ષણિક વિશિષ્ટતાઓ વિશે પણ માહિતી મળે છે. શિવમહિમ્નસ્તોત્રના રચયિતા પુષ્પદંત પણ ચારણમુનિ હોવાની માન્યતા છે. જૈન સાહિત્ય ક્ષેત્રે પણ ચારણકવિઓએ મહત્ત્વનું યોગદાન આપ્યું હોવાનો સ્પષ્ટ મત પ્રિ. નરોત્તમ પલાણ વ્યક્ત કરે છે. તેમની આ વાતને ડૉ. બળવંત જાની અને સમર્થ સંશોધક રતુદાન રોહડિયાનું પણ સમર્થન છે. ભારતીય જીવનમૂલ્યોનું જતન કરનારું-સંસ્કૃતિમૂલક સાહિત્ય :

સાહિત્ય ક્ષેત્રે મુખ્યત્વે 'કલા ખાતર કલા' અને 'જીવન ખાતર કલા' એવા બે વિભાગ જોવા મળે છે. બન્ને ધારાની પોતપોતાની વિશિષ્ટતા અને મર્યાદાઓ છે, એટલું જ નહીં ઉભય ધારા વિશે વિભિન્ન મતમતાંતરો જોવા મળે છે અને તેને અનુસરનારા સમર્થ સર્જકો તેમજ મીમાંસકોની દીર્ઘ પરંપરા જોવા મળે છે, એ અંગે વિશેષ વાદ-પ્રતિવાદ કરવાને બદલે અહીં એટલું જ નોંધવું ઉપયુક્ત છે કે, ચારણોએ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની પરંપરાને આત્મસાત્ કરી તેને લોકો સુધી પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. કવિશ્રી કાગે 'એ ચારણનું કર્મ હતું' કાવ્યમાં

કહ્યું છે કે :

'ઈશ્વરથી ડરતા, પરદુ:ખ હરતા, માતૃભૂમિ માટે મરતા; સાચું કરતાં, મુખ ઉચ્ચરતાં, મન મહિપતિથી જરા ને ડરતા; ત્રંબાળ ગગડતાં, સન્મુખ મરતા, મન એનું કાયર ન હતું; સત્ ઉચ્ચરવાનું, તપ કરવાનું, એ ચારણનું કર્મ હતું; જી એ ચારણનું કર્મ હતું જ.

૩

પદ્મશ્રી દુલા કાગે આ કાવ્યમાં ચારણોની જીવનશૈલી અને તેમના ગુણગ્રાહી વ્યક્તિવિશેષોનો સુપેરે પરિચય આપ્યો છે. દીર્ઘકાળથી સાહિત્યના માધ્યમથી ભારતીય જીવનમૂલ્યોની પાવનધારાને રાજદરબારે અને લોકદરબારે પહોંચાડનારા ચારણોને સમાજે પૂરા આદર સાથે દેવીપુત્ર-સરસ્વતીપુત્ર તરીકે સ્વીકાર્યાં છે. તો ચારણે પોતાની જીવનશૈલી દ્વારા પ્રાણાંતે પણ એ બિરુદનું ગૌરવ જાળવ્યું છે. વ્યક્તિ નહીં સમષ્ટિના કલ્યાણની ભાવના :

આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના આક્રમણે આપણે ત્યાં પણ ભૌતિકવાદ અને ભોગવાદનો વ્યાપ વધ્યો છે, વ્યક્તિ 'સર્વને' બદલે 'સ્વ'નો વિચાર કરે છે, તેને સમુદાય માટે બલિદાન આપવાનો કે લોકકલ્યાણાર્થે ત્યાગ કરવાનો વિચાર આવતો નથી. આમાં 'મારું શું ?' અન્યથા 'મારે શું ?' એવી વિચારધારા ફેલાવા લાગી છે, ત્યારે ચારણી સાહિત્યમાં વ્યક્ત થયેલી વાતોને સમજવી અને સમજાવવી મુશ્કેલ છે, કેમકે, અહીં વ્યક્તિ નહીં સમષ્ટિના કલ્યાણની વાતનો મહિમા ગવાયો છે. પ્રજાને ત્રાસ આપનારા આતતાયીઓ સામે લડીને બલિદાન આપનારા નવલોહિયાને પ્રેરવાનું કામ ચારણકવિઓએ કર્યું છે. તેમણે વીરોને 'સ્વ' માટે નહીં પણ 'સર્વ' માટે જીવવાનો અને પરકાજે મરવાનો મહિમા સમજાવ્યો છે, એટલું જ નહીં એને અમરત્વ અપાવ્યું છે. આથી તો એક દુહામાં કહેવાયું છે કે :

'અમર હુઆ રી ઓખદી, શોધી જુઓ સંસાર;
બાપો કે બીજી નહીં, કાં કવિ અને કાં કિરતાર.'૫

---- ક્રમશ: ( હવે પછીના અંકોમાં નિયમિત રીતે આપવામાં આવશે.)

# છોડીને ખાબોચિયું જાતો નથી,

છોડીને ખાબોચિયું જાતો નથી,

હંસ છે તું, કેમ શરમાતો નથી ?

એવું ક્યાં છે, જીવ વીંધાતો નથી,

એમ કાંઇ શ્લોક સર્જાતો નથી.

મોર છું, ટહુકીશ મારી રીતથી,

કોઈનીયે જેમ હું ગાતો નથી.

જીતવાની ઝંખના છોડી દીધી,

એટલે એ શખ્સ જીતાતો નથી.

કોઇ નીચે સાથે બેસી જાય છે,

આ સમય સ્હેજેય શરમાતો નથી !

એમાં ધિક્કારે છે આખુંયે ગણિત ?

દાખલો તો એક સમજાતો નથી !

છોડનું દુર્ભાગ્ય, બીજું શું કહું,

વડ કદી જો એને ખીજાતો નથી.

જિન્દગીનો કેટલો છે ત્યાં અભાવ,

ને બધાં ખુશ છે કે કરમાતો નથી.

--- **રાકેશ હાંસલિયા**

## મૃત્યુ : મધરાતે

એક ડોશી

રાતે અઢીક વાગે

હાથમાં ઝાંખુ ફાનસ લઈ

ફળીમાંથી થાય છે પસાર.

એનાં જીંથરવીંથર (ઊડતાં) વાળ સમારવા

એ જે ઘર સામે

મૂકે ફાનસ

સવારે

તે ઘરમાંથી ઓછું થાય એક 'માણસ'.

સાંભળ્યું છે :

એને ઝાંપો ઠેકતી જોતાં

ગામ આખાનાં કૂતરાં રડી ઊઠે છે...

હું જાગી ગયો છું...

મારા પલંગ તળેથી ઊભરાતો

અંધકાર

કદાચ એક ઝાંખા ઝાંખા ફાનસમાં પલટાઈ રહ્યો છે...

હું ચાદર ખેંચું છું

ફળીનો વાંસો પોલો જણાય...

સૂસવાતો લાગે...

પાંપણના એક વાળ પર ધ્રુજતો ઊભો છું

ધૂઘવે છે ફેનિલ દરિયો

પાંપણો પાછળ

તરે છે દૂ...ર

એક ઝાંખું ઝાંખું ફાનસ...

- **અજિત ઠાકોર,** (અલુક્ ૧૯૮૧)

## શાંત દિમાગથી વિપરીત.....

શાંત દિમાગથી વિપરીત પરિસ્થિતિનો તમે સામનો કરી શકો છો ખરા ? મુશ્કેલી, હતાશા, પ્રેસર કે નિષ્ફળતાને તમે કેવી રીતે સ્વીકારો છો ? આને માટે ભારતીય ટીમના જમોડી ઑફ-બ્રેક ગોલંદાજ રવિચંદ્રન અશ્વિનની યાદ આપવી પડે. ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછા દાવમાં સૌથી વધુ વિકેટ લેનારો એ ગોલંદાજ છે. પચાસ, સો, દોઢસો, બસો, અઢીસો, ત્રણસો, સાડા ત્રણસો, ચારસો, સાડા ચારસો અને પાંચસો વિકેટ ભારતમાં આટલાં ઓછાં દાવમાં કોઇ ગોલંદાજે લીધી નથી.

પણ મજા એ છે કે એની ગોલંદાજીમાં કોઈ 'રહસ્ય' નથી અને વીડિયોના જમાનામાં સ્પીનરોની ગોલંદાજીનું રહસ્ય વિરોધીઓ તરત કળી જાય છે. આમ છતાં ભારતીય ટીમમાં 'પ્રોફેસર' અને 'અૅડવોકેટ' તરીકે ઓળખાતા છ ફૂટ અને બે ઇંચ ઊંચો અશ્વિન કહે છે કે એની સફળતાનું કારણ વિરોધી ટીમના દબાણ વચ્ચે કેવી રીતે એનાં પર અંકુશ રાખવો અને કપરા સમયમાં તમે કેટલું સાહસ દાખવો છો, તેના પર છે. એ ક્યારેય બેબાકળો, ભયભીત કે લમણે હાથ દઈને ખેલતો નથી. શાંત અને સહજ રહેવું એ એની પ્રકૃતિ છે અને જીવનમાં પ્રત્યેક પરિસ્થિતિમાં શાંત દિમાગ રાખનાર ફાવી જતાં હોય છે. એ અનુકૂળ કે પ્રતિકૂળ સમયમાં પોતાની સ્વસ્થતા કદી ગુમાવતાં નથી.

દરિયામાં પવનનું તોફાન આવે, ત્યારે વહાણ ડોલતું હોય છે, પરંતુ ઘડિયાળ એની સ્વસ્થ ગતિએ ચાલતી હોય છે. એની માફક સઘળાં સંજોગોમાં સ્વસ્થ રહેનાર વ્યક્તિ જીત મેળવતી હોય છે.

- **ભટ્ટ વિનોદભાઈ, રાજકોટ**

## હળી શકાયની સીમા સુધી હળી તો શકું.....

હળી શકાયની સીમા સુધી હળી તો શકું,

ટળી શકાયની સીમા સુધી ટળી તો શકું.

પછી તો જીવવાનું સાવ સુક્કા ભઠ થઈને,
ગળી શકાયની સીમા સુધી ગળી તો શકું.

કોઈનાં ભીનાં નયનમાં છલકતી ઈચ્છાઓ,
કળી શકાયની સીમા સુધી કળી તો શકું.
નથી હું સ્વપ્ન છતાં થાય છે સતત મનમાં,
ફળી શકાયની સીમા સુધી ફળી તો શકું.

જુદાઈની નદીમાં ગર્ક થાઉં એ પહેલાં,
મળી શકાયની સીમા સુધી મળી તો શકું.

પડાવ આખરી ભલેને હોય હેમાળો,
બળી શકાયની સીમા સુધી બળી તો શકું.

કદી તો દર્પણો સામે મનેય હું 'સાહિલ',
છળી શકાયની સીમા સુધી છળી તો શકું.

**---સાહિલ**

# સુખ-દુ:ખો આપણાં...

સુખ-દુઃખો આપણાં હોય તે શોચવાં !
આપણાં સુખ-દુઃખો ધૂળ-માટી.
આભમાં દેખ, નક્ષત્રનાં નર્તનો,
જો, મહાકાળનાં ભવ્ય પરિવર્તનો,
ને પછી આંકડો હરખનો, દર્દનો
આપણો માંડ, પળમાં પડી ભાંગતી
હાથમાં પકડીને પેન-પાટી.

આંખથી તું અરીસો ન અળગો કરે,
પંડને બસ બધાંથી તું આગળ ધરે,
તેથી તો ભાઈ, પહેલો તું ડૂબી મરે,
-ને અહીં એ જ તરતાં રહ્યાં જેમણે
જિંદગી કોઈને કાજ દાટી.
કેવી ચૈતન્ય-લીલા મચી, વાહવા !
રંગ તો રોજ ખીલે નવા ને નવા !
આપણું દર્દ શું ? આપણી શી દવા ?
એક ટીપું બની કેમ તું ટળવળે ?

**દે મહાસિંધુમાં ઘુઘવાટી.**

**---મકરન્દ દવે**

# એમની આંખનું કાજળ ધોવાવું...

એમની આંખનું કાજળ ધોવાવું,
કારણ, વર્ષા પહેલાં વર્ષાનું હોવું.

સદા સ્મરણો સતાવી રહ્યાં છે,
હું વ્યથાનું એક એક મોતી પરોવું.

જે ગયા એ ન કદી પાછાં આવે,
શું કામનું મારું ગમે તેટલું રોવું ?

જગત મિથ્યા છે એવું જ્ઞાન છતાં,
કેમ ગમતું નથી આ સુખનું ખોવું ?
શમણે આવી આપશે ઠપકો મને એ,
વ્યથાની વાતો બંધ નહીં કરું જો હું.

**--- વિનોદ ભટ્ટ**

## ફૂલો...

પણે લીલુંછમ ઝાડ.
ફૂલોથી લચેલું,
મઘમઘતું -
તેને જોઇ આપણાં હાથને તૃપ્તિ થતી નથી...
આપણાં હાથ ઉઠાવે કુહાડો,
વાઢી નાખે ઝાડને,
તેનો ગરભ કાઢી બનાવે માવો.
માવામાંથી રંગબેરંગી કાગળો બનાવે,
ને કાગળોમાંથી રંગબેરંગી ફૂલો બનાવે,
પછી જ્યારે એ ફૂલોનો ગજરો
ફૂલદાનીમાં ગોઠવે
ત્યારે આપણાં હાથને તૃપ્તિ થાય.
ઝાડનો શો વાંક હતો ?
તે ફૂલો તો આપતું હતું.
તેને વાઢીને એમાંથી નિપજાવેલ ફૂલોથી
ભલે શણગાર્યો -
પણ દીવાનખંડ ખરેખર શોભ્યો ?
મને તો
કાગળનાં એ ફૂલોમાંથી
ઝાડની કરપીણ હત્યાની દુર્ગંધ આવે છે.
તમને ક્યારેય એવો અહેસાસ થાય છે ?

**--- રમેશ પારેખ**

## કમાણી

ભોજો ભરવાડ રોજેરોજ છેતરાય,
કિયે : હાલ્યા કરે, હોય;
દલો શેઠ રોજેરોજ બમણું કમાય,

અને કરે હાયવોય.

રાત પડ્યે ભોજો કાં તો ભજનો ઉપાડે,

કાં તો ગણ્યા કરે તારા ;

ઝીણી વાટે દલો કાં તો ચોપડો ઉઘાડે,

કાં તો ગોખ્યા કરે ધારા.

એક દી ઉલાળિયો કરીને આયખાનો,

સુખે હાલ્યો ગયો ભોજો;

દલા શેઠ માથે પડ્યો એક દી નફાનો

જાણે મણ મણ બોજો.

**--- મકરન્દ દવે**

## બડા જાદુગર આયા...

હમ બડા જાદુગર આયા

હમ ખેલ ઇલમ કા લાયા.

અચ્છા મૈયા, આજ દિખાવો,

ક્યાં પેંડા કા ડબરા ?

પલભર મેં છૂમંતર કર દે,

હમ જાદુગર જબરા !

લ્યો હસવામાં શું પાયા ?

હમ બડા જાદુગર આયા.

ચૉકલેટ, પીપર સે મૈયા,

ભરો હમારી મુઠ્ઠી ;

ફૂંક માર કે ખાલી દેખો,

જાદુઈ લકડી જુઠ્ઠી ?

લ્યો હમને તો નહીં ખાયા !

હમ બડા જાદુગર આયા.

ખોટા ખોટા હમકો ખીજવી,

હસો હસો મત બબલી,

હવે બોલી તો ચપટી મેં હમ,

કર દેવેંગે ચકલી !

હાં ઐસા બોત બનાયા !

હમ બડા જાદુગર આયા.

આંખ મીંચ કે ઊભી બજારે,

સાઈકલ સોત ચલાવે,

દો આના તો દે દો મૈયા,

હમ ભાડે લઈ આવે.

લ્યો ના પાડી નવડાયા !

હમ બડા જાદુગર આયા.

અડધો તારો ભાગ બરાબર,

સમજી બબલી બેના !

તને સાથ સવારીમાં પણ

સાઈકલ ઉપર લેના.

બસ અબ તો જાદુ ભાયા ?

હમ બડા જાદુગર આયા.

તેરા કહ્યા કરેંગે મૈયા,

દે પીપર ને પૈસા,

બબલી બીચ મેં ક્યોં કરતી હૈ,

મુખડા બંદર જૈસા ?

બા તેરા દીકરા ડાયા,

હમ બડા જાદુગર આયા.

**- - - મકરન્દ દવે**

# ચારેબાજુ સૌ લલચાવે.....

ચારેબાજુ સૌ લલચાવે ક્યાં જાવાનું ?

એ જ ફરી પાછાં અકળાવે ક્યાં જાવાનું ?

મારગ પર ફૂલો ફેંક્યાનો ભાવ થયો'તો,

ખુલ્લી બારીઓ ભરમાવે ક્યાં જાવાનું ?

જૂના કાપડનાં ઝભ્ભાની જીદ કરી'તી,

દરજી પણ કેવો તતડાવે ક્યાં જાવાનું ?

દુભાયેલાં જણ માથે વરસાદ પડે તો,

એનાં છાંટા ઓર દુભાવે ક્યાં જાવાનું ?

વિશ્વાસોની ખાણ બધીયે ખાલી લાગે,

ડાળ ભરોસાની લટકાવે ક્યાં જાવાનું ?

થાકીને હળવા થવાની ઈચ્છા થઇ ત્યાં,

માથેથી સૂરજ ધમકાવે ક્યાં જાવાનું ?

**- - - શિવજી રૂખડા**

**હરજીવન મહિલા ઉદ્યોગ કેન્દ્ર – તાલિમ વર્ગ**

**ભગિનીઓ તથા બંધુઓ,**

**નમસ્કાર !**

આગામી દિવસોમાં હરજીવન આશ્રમ કડોલી દ્વારા 'બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલિમ સંસ્થાના સહયોગથી કડોલીમાં રોજગાર તાલિમ માટે વિશેષ તાલિમ વર્ગનું આયોજન કરવામાં

આવી રહ્યું છે. આ તાલીમમાં પ્રાથમિક શિક્ષણ ધરાવતી યુવા મહિલાઓને પાપડ, અથાણાં જેવી ઘરેલું પ્રોડકટ તૈયાર કરવાની તાલિમ આપવામાં આવશે. તાલિમનો કોર્સ દસ દિવસ માટે અને સવારે ०૯-3૦થી સાંજના ०૫-3૦ સુધી રહેશે.

તાલિમ માટે ધોરણ ०૮થી ૧૦ સુધીનો અભ્યાસ કરનાર બહેનોને વિશેષ અગ્રતા આપી શકાશે. દરેક વર્ગ/બેચમાં વધુમાં વધુ 3૦-3૫ મહિલાઓનો સમાવેશ કરી શકાશે. વિગતો તા. 3૧-०3-૨૦૨૪ પહેલાં રજૂ કરવાની રહેશે.

ઉપરોક્ત તાલિમ કોઈપણ પ્રકારના ખર્ચ વગર સંપૂર્ણ વિના મૂલ્યે આપવામાં આવશે.


તાલિમમાં ભાગ લેવા ઈચ્છનાર બહેનોએ તેમના નામ, વય, અભ્યાસ અને મોબાઈલ નંબરની વિગતો કૈલાસબા રાઠોડ (99095 91911), રશ્મિબેન બી. પટેલ, (93282 05950), વંદનાબેન જે. પંડ્યા (93133 83544), કીર્તિસિંહ ઝાલા ( 6352-138499) અથવા હરજીવન આશ્રમની રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે રૂબરૂ મુલાકાત લઈ નોંધાવી શકાશે.

આપ જાણતા જ હશો કે હરજીવન આશ્રમ એ થિયોસોફિકલ સોસાયટી, કડોલીનો એક જનસેવી પ્રભાગ છે. આપ થિયોસોફિકલ સોસાયટી, કડોલીના સભ્ય તરીકે જોડાયા ન હોવ તો સત્વરે સંસ્થાનું ફોર્મ મેળવી, આધાર કાર્ડની ઝેરોક્ષ તથા ફોટો સંસ્થાના મંત્રી શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ (94273 68493) ને અથવા સંસ્થાના કેન્દ્ર પર રવિવારે ०૯-3૦થી ૧૦-3૦ દરમ્યાન રજૂ કરી શકો છો.

હરજીવન આશ્રમ થિ.સો. કડોલીના જનસેવી અને વિકાસલક્ષી કાર્યક્રમમાં ઉત્સાહ સહિત આપના સહયોગની અપેક્ષા છે.

આભાર !

**હરજીવન મહિલા ગૃહઉદ્યોગ કેન્દ્ર,**
**હરજીવન થિ. સો. કડોલી**
**આ ઉપરાંત ....**



# પ્રતિભાવ

મહિલા ગૃહ ઉદ્યોગ દ્વારા થઈ રહેલ જુદીજુદી પ્રવૃતિ ને કારણે બહેનોને આગળ વધવાની નવી દિશા મળશે અનેસ્થે સૌનો વિકાસ પણ થશે.જેના નિમિત્ત આપ છો આપને તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ .અને આપ સદાય સૌને પ્રેરણા આપતા રહો તેવી શુભેચ્છા

**- મા. નરેશભાઈ ત્રિવેદી,**
**પૂર્વ પ્રમુખશ્રી, જીટીએફ, ભાવનગર**

Work is worship. Encouragement to such activities is also very important part of our life. I am sending you my greetings as you have taken up this important welfare activity. It does add to the women empowerment as well as employment..

**From the president of the GTF. - Harshvardan Sheth**

### મારી ભાવયાત્રા ...

નમસ્કાર !

આજે વહેલી સવારે વીરાબેન દસ્તૂરની સ્મૃતિ તાજી થઈ. કડોલી એક સમયે તેઓ અને પૂ. જાનીદાદા અવાર નવાર આવતા રહેતા. તે સમયે બે મહાન મહિલાઓ ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનમાં એક કાર્યકર તરીકે અનન્ય સેવાઓ આપી રહી હતી. એક પ્રકારે વીરાબેન અને કમળાબેન દ્વારા અનુક્રમે જ્ઞાન અને ભક્તિની ધારાઓ પ્રબળ રીતે વહેતી થયેલી અનુભવ કરી રહ્યો છું.

ગુજરાત ફેડરેશન દ્વારા આ દિશામાં પુસ્તકો પણ લખાઈ ચૂક્યા હશે અને કદાચ ઉપલબ્ધ પણ હશે. ગુજરાત ફેડરેશનને પોતાની વેબસાઈટ પણ તૈયાર કરાવી છે.

કોમ્પ્યૂટરની જાણકારી ધરાવનાર થિયોસોફિકલ સોસાયટીના સન્માનનીય સભ્યશ્રીઓ ગુજરાતીમાં પ્રકાશિત પુસ્તકોને ઈબુક્સમાં રૂપાંતરિત કરવા એક સમયબદ્ધ રીતે પ્રયાસ હાથ ધરે અથવા પ્રકાશાધીન પુસ્તકોના મુદ્રણની સાથે તેની ઈકોપી પણ તૈયાર કરવવા પ્રતિબદ્ધ થાય તો તે ઘણું આવકાર્ય બની શકે છે. નજીવા ખર્ચથી ઈ બુક્સ તૈયાર કરાવી આપણી વેબસાઈટનું પુસ્તકાલય ઉત્તરોત્તર સમૃદ્ધ કરી શકાય.

પ્રત્યેક લોજ કમ સે કમ વર્ષાન્તે એક પુસ્તક તૈયાર કરાવે તો પણ ઘણાં અગત્યનાં પુસ્તકો તૈયાર થઈ શકે છે.

હરજીવન આશ્રમ 'હરજીવન સૌરભ' ને ઈ બુક્સમાં રૂપાંતરિત કરવા પ્રવૃત્ત છે. કદાચ એકાદ મહિનામાં તૈયાર થઈ જવાની સંભાવના છે.

આ તો એક ઉદાહરણ છે. તે રીતે ક્રમબધ્ધ રીતે આગળ વધી શકાય છે. કેટલાંક પુસ્તકો આકારમાં ખૂબ નાનાં છે, પોકેટમાં રાખી શકાય તેમ છે. આવાં પુસ્તકોને સરળતાથી ઇ બુક્સમાં રૂપાંતરિત કરી શકાય તેમ છે. જો આમ થઈ શકે તો ગુજરાત ફેડરેશન દ્વારા તૈયાર કરાવવામાં આવે વેબસાઇટનો ઉદ્દેશ્ય ચરિતાર્થ થઇ શકે છે અને હરકોઇ પાઠક કે અભ્યાસુવર્ગને વિશેષ સહાયતા મળી શકે છે.આ વિચાર વીરાબેન સ્મૃતિ વિશેષ સમારોહના સમાચાર મળતાં એક ઝબકારો થયેલ છે - જે સુધીજનો સમક્ષ રચનાત્મક પ્રતિભાવ સાથે સાદર પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

અસ્તુ !

**- દીપક પંડ્યા**






# નવા સભ્યશ્રીઓનું હાર્દિક સ્વાગત...

| હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી - નવા સભ્યશ્રીઓ વર્ષ - 2024 | | |
|---|---|---|
| Sl | Name | Diploma No |
| 1 | PATEL HITESHKUMAR NARSHIBHAI | 111974 |
| 2 | ZALA GOTALBA UDESINH | 111975 |
| 3 | RATHOD KIRANBEN DINESHJI | 111976 |
| 4 | RATHOD MINABEN RANJITJI | 111977 |
| 5 | PATEL AMITKUMAR NATVARLAL | 111978 |
| 6 | NEELESH MAHENDRABHAI THAKER | 111979 |
| 7 | RATHOD NARAYANSINH GOVINDSINH | 111980 |
| 8 | ZALA ARJUNSINH AMARSINH | 111981 |
| 9 | ZALA VIJAYSINH KESHARISINH | 111982 |
| 10 | ZALA MANIBA RAMSINH | 111983 |
| 11 | ZALA SANJAYSINH VINUSINH | 111984 |
| 12 | ZALA JASUBA KALYANSINH | 111985 |
| 13 | ZALA BHUMIKABA NARENDRASINH | 111987 |
| 14 | PANDYA RITABEN HARSHADBHAI | 111988 |
| 15 | PANDYA FALGUNIBEN KIRITBHAI | 111989 |
| 16 | PANDYA VANDANABEN JAYESHBHAI | 111990 |
| 17 | AMBADAN KHIMRAJBHAI ROHADIYA | 111986 |
| 18 | MAKWANA PURUSHOTTAM BHEMABHAI | 111972 |
| 19 | PATEL JITENDRAKUMAR AMARATBHAI | 111973 |
| 20 | SOMAIYA TRUPTI ARUN | 111971 |
| 21 | JOSHI DAXABEN BHARATBHAI | 111970 |
| 22 | ACHARYA DEVENDRABHAI MUKUNDBHAI | 111969 |
| 23 | ACHARYA MANORAMA DEVENDRABHAI | 111968 |
| 24 | DAVE BHAGAVATIPRASAD PARVATIPRASAD | 111967 |
| 25 | ZALA DIPTIBA SUKHADEVSINH | 112044 |
| 26 | ZALA PARULBA SANJAYSINH | 112045 |
| 27 | ZALA ANTARBA MANOHARSINH | 112046 |
| 28 | ZALA SURYABA ASHWINSINH | 112047 |
| 29 | ZALA NAYANABA BHUPENDRASINH | 112048 |
| 30 | ZALA KUSUMBA VIRENDRASINH | 112049 |
| 31 | ZALA VIMALABA KIRTISINH | 112050 |
| 32 | SELOT RAMILABEN RAJUJI | 112051 |
| 33 | ZALA PRIYANKAKUMARI SURENDRASINH | 112052 |
| 34 | ZALA JINALBEN VIPULSINH | 112053 |
| 35 | ZALA KAILASBA NARENDRASINH | 112054 |
| 36 | ZALA SHARMISHTHABA LALSINH | 112055 |
| 37 | ZALA ARVINDSINH KALYANSINH | 112056 |
| 38 | ZALA PUSHPABA JITENDRASINH | 112057 |
| 39 | ZALA LAXMIBA BHAGATSINH | 112058 |
| 40 | PATEL VASUDEVBHAI PURUSHOTTAMBHAI | 112059 |
| 41 | MIR SHITALBEN KISHORBHAI | 112060 |
| 42 | SUTHAR MAHENDRAKUMAR RANCHHODBHAI | 112061 |
| 43 | ZALA JANKIBA JAYENDRASINH | 112062 |
| 44 | RATHOD KALPANABEN BABUJI | 112063 |
| 45 | MIR ASHABEN KISHORBHAI | 112064 |
| 46 | MIR SURYABEN KISHORBHAI | 112065 |
| 47 | MIR SUHANI KISHORBHAI | 112066 |
| 48 | MIR PUSHPABEN DIPAKBHAI | 112067 |
| 49 | KHANT MANUJI JAWANJI | 112068 |




# ટૂંકી બોધ કથાઓ :

શિવપુર નામનું ગામ હતું. ગામમાં નાનામોટા ઝઘડાનું નિરાકરણ પંચાયત દ્વારા કરવામાં આવતું હતું. તેથી એ સમયે અદાલત સુધી જવાની જરૂર ગામના લોકોને પડતી નહીં. વળી, પંચાયત તટસ્થ રીતે ન્યાય કરતી હતી અને લોકો તેમના ન્યાયથી ખુશ

હતા. એક વખત પંચાયતમાં એક યુવાન અને વૃદ્ધ ન્યાય માંગવા

માટે આવ્યા. યુવાન ભણેલોગણેલો લાગતો હતો.

પંચાયતે તેમની સમસ્યા જણાવવા કહ્યું, એની શરૂઆત વૃદ્ધે કરી. વડીલ વૃદ્ધે કહ્યું, મારો મિત્ર મૃત્યુ પામ્યો છે. એના પુત્રને મેં

ભણાવી ગણાવીને મોટો કર્યો. મારા દીકરાની જેમ તેને સાચવ્યો છે. જ્યારે મારો મિત્ર મૃત્યુ પામ્યો ત્યારે મને એણે દસ હજાર રૂપિયા આપ્યા હતા. રૂપિયા આપતી વખતે તેણે એક લખાણ કર્યું હતું. લખાણમાં લખ્યું છે કે, મારો પુત્ર વીસ વર્ષનો થાય ત્યારે આ રૂપિયામાંથી હું ઇચ્છું એટલા રૂપિયા મારે તેને આપવાના.

પંચાયતે કહ્યું, તમે કેટલા રૂપિયા યુવાનને આપ્યા?

વૃદ્ધે કહ્યું બે હજાર રૂપિયા આપ્યા, પરંતુ આ યુવાન રૂપિયા લેવાની ના પાડે છે. તેને બાકીના રૂપિયા લેવા છે તેથી અમે પંચાયતમાં ન્યાય માંગવા આવ્યા છીએ. આમ, વૃદ્ધે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું.

પંચાયતે યુવાન પુત્રને પૂછ્યું કે, તારે કંઇ કહેવું છે?

પુત્રએ વિનયપૂર્વક કહ્યું, મારે તો ન્યાય જોઇએ છીએ, આટલું બોલીને તે ચૂપ થઇ ગયા.

વાત વિચારવા જેવી હતી. લખાણમાં સ્પષ્ટ લખ્યું હતું કે વૃદ્ધ ઇચ્છે એટલા રૂપિયા તેણે યુવાન પુત્રને આપવા. હવે યુવાન એને લેવાની ના પાડે એ કઇ રીતે ચાલે. પંચાયતે અંદરોઅંદર ચર્ચા કરી અને પછી વૃદ્ધને કહ્યું, તારી પાસે જે

દસ હજાર રૂપિયા છે એ અહીં મૂકી દે અને જે લખાણ લખવામાં આવ્યું હતું એ અમને આપો.

વૃધ્ધે પંચાયતે કહ્યું એમ દસ હજાર રૂપિયા તેમની સામે મૂકી દીધા અને લખાણ પણ આપી દીધું. લખાણનો અભ્યાસ કર્યા બાદ પંચાયતે કહ્યું, હવે એમાંથી તમને જટલા રૂપિયા જોઇતા હોય એટલા લઈ લો.

પંચાયતે આપેલી સૂચનાનું વૃધ્ધે પાલન કર્યું. તેણે દસ હજાર રૂપિયામાંથી આઠ હજાર રૂપિયા લઇ લીધા, એટલે પંચાયતે કહ્યું, તમે જેટલા રૂપિયા રાખ્યા છે એ રૂપિયા આ યુવાનને આપી દો.

વૃધ્ધે કહ્યું, કેમ?

પંચાયતે કહ્યું, લખાણમાં લખ્યું છે કે તું જેટલા રૂપિયા ઇચ્છતો હોય એટલા રૂપિયા તારે યુવાનને આપવાના છે. તમે આઠ હજાર રૂપિયા ઇચ્છો છો એટલે તમારે એ રૂપિયા યુવાનને આપી દેવા. પંચાયતનો ન્યાય સાંભળી યુવાન ખુશ થઇ ગયો અને વૃધ્ધને પોતાની ભૂલ સમજાઈ. તેમણે આઠ હજાર રૂપિયા યુવાનને આપી દીધા. પોતાને ન્યાય મળ્યો એ બદલે યુવાને પંચાયતનો આભાર માન્યો.

(2)

સુંદરવન નામનું મોટું વન હતું. એમાં જાતજાતનાં પક્ષીઓ અને પ્રાણીઓ રહેતાં હતાં. એમાં ઘટાદાર ઝાડ નીચે બખોલમાં ઝિલમિલ નામની એક ખિસકોલી રહેતી હતી. તેના ઘરમાં ત્રણ નાનાં બાળકો અને ઘરડી માતા હતી. પતિનું થોડા સમય પહેલાં અવસાન થયું હતું. પતિના ગયા બાદ બધી જવાબદારી ઝિલમિલ ઉપર આવી ગઇ હતી.

ઝિલમિલ એકલી છે, તેને મદદ કરવી પડશે અથવા તો તેની અને તેમના પરિવારની જવાબદારી નિભાવવી પડશે એવું વિચારીને સગાંવહાલાંએ મોં ફેરવી લીધાં હતાં. લોકોના આવા બદલાયેલા વર્તનથી ઝિલમિલ અને તેમની માતાને દુઃખ થતું હતું. ઝિલમિલ ઘણી વખત માતાને કહેતી હતી કે, દુઃખ અને મુશ્કેલીના સમયમાં જ સાચા મિત્રો અને સગાંસંબંધીઓની પરખ થતી હોય છે. ઝિલમિલ સવારથી સાંજ સુધી કામ કરતાં કરતાં થાકી જતી હતી. તેની કમર દુખવા લાગતી, પરંતુ કોને પડી હોય કે તેની વેદના સાંભળે. તેમ છતાં ઝિલમિલ બીજાઓનાં કામ કરવા માટે પણ તૈયાર રહેતી હતી. લોકો જરૂર હોય ત્યારે ઝિલમિલની મદદ લેતાં ખચકાતા નહીં, ઝિલમિલ પણ હસતાં

હસતાં સૌને મદદ કરતી. ઝિલમિલનાં બાળકો તેને અવાનવાર કહેતાં કે, મમ્મી બધા તારા ભોળપણનો ફાયદો ઉઠાવે છે. તું શા માટે આવા સ્વાર્થી લોકોને મદદ કરે છે? ઝિલમિલ હંમેશાં કહેતી કે, આપણે શા માટે કોઇનું ખરાબ કરવાનું? આપણે આપણાં કર્મ કરતાં રહેવાનું.

એક દિવસ ઝિલમિલનો દીકરો બીમાર પડ્યો. ડૉ. રીંછભાઇએ એક જડીબુટ્ટી વિશે જણાવ્યું અને કહ્યું કે આ જડીબુટ્ટી મોરભાઇ લાવી આપશે. તેમને આ અંગેની જાણકારી છે. ઝિલમિલ દોડતી દોડતી મોરભાઇ પાસે ગઇ અને ડૉ. રીંછે કહેલી

જડીબુટ્ટી લાવી આપવા માટેવિનંતી કરી. પણ મોરભાઇને તો ભારે અભિમાન હતું, તેમણે ગરદન ધુણાવતાં ના પાડી દીધી અને કહ્યું કે આવાં નાનાં કામ કરવા માટે મારી પાસે સમય નથી. ઝિલમિલે વિનંતી કરી પણ મોરભાઇ એકના બે ન થયા. છેવટે ડૉ. રીંછે બીજાં પક્ષી પાસે એ જડીબુટ્ટી મંગાવી અને ઝિલમિલનો દીકરો સાજો થઇ ગયો.

સમય પસાર થતો ગયો. કહેવાય છે કે કરેલાં કર્મ અહીં જ ભોગવવાં પડ છે એમ એક દિવસ મોરનાં બચ્ચાની આંખમાં ઇજા થઇ, એ વાતની જાણ ઝિલમિલને કોયલે કરી. તેણે વધુમાં કહ્યું કે, જો દવા અસર નહીં કરે તો તે કાયમ માટે અંધ થઈ જશે. ઝિલમિલે કંઇ જવાબ ન આપ્યો, તે પોતાનું કામ કરતી રહી. ઝિલમિલ પાસે આંખ માટેની અકસીર દવા હતી જે તેનો પતિ લાવ્યો હતો. ઝિલમિલે રાત્રે સૂતાંસૂતાં વિચાર્યું કે, સંતાનો મારાં હોય કે મોરનાં બધાં સરખાં છે. સવારે મોરના ઘરે જઇને તેની દવા આપી આવીશ. સવારે ઊઠીને દવા લઇને મોરને ત્યાં જતી જ હતી ત્યાં મોર સામેથી આવ્યો અને ઝિલમિલના પગે પડી ગયો. તેણે માફી માંગી અને પોતાના દીકરા માટે આંખની દવા

આપવા વિનંતી કરી. ઝિલમિલના હાથમાં જે દવા હતી એ તેણે આપી દીધી અને દીકરો જલદી સાજો થઈ જશે એવું આશ્વાસન પણ આપ્યું. મોરે તેનો ખૂબ ખૂબ આભાર માન્યો.

મોરનો દીકરો સાજો થઈ ગયો. મોર તો પક્ષીઓનો રાજા હતો. તેણે બધાં પક્ષીઓને બોલાવ્યાં અને ઝિલમિલનું સ્વાગત કર્યું. એ પછી જંગલના બધા લોકો ઝિલમિલ સાથે પ્રેમથી વર્તવા લાગ્યા.

- **નરેન્દ્ર ડી. પટેલ**

"The position of the Atheist is a clear and reasonable one. I know nothing about 'God' and therefore I do not believe in Him or in it; what you tell me about your God is self-contradictory, and therefore incredible. I do not deny 'God,' which is an unknown tongue to me; I do deny your God, who is an impossibility. I am without God."

**Annie Wood Besant, Annie Besant: An Autobiography**

"Never forget that life can only be nobly inspired and rightly lived if you take it bravely and gallantly, as a splendid adventure in which you are setting out into an unknown country, to meet many a joy, to find many a comrade, to win and lose many a battle."

**– Annie Besant**

"No philosophy, no religion, has ever brought so glad a message to the world as this good news of Atheism."

**– Annie Wood Besant**